Vol. 6, Issue: 8, August : 2018
(IJRSML) ISSN: 2321 - 2853

# વારલી આંદોલન: એક ઐતિહાસિક અભ્યાસ (સને ૧૯૪૫-૪૬)

ડૉ. સી. સી. ચૌધરી
ઝેડ. એફ. વાડિયા વીમેન્સ કોલેજ એન્ડ
એન. કે. જોલ્ટા કોલેજ ઓફ કોમર્સ, અઠવા લાઈન્સ, સુરત

## ૧. પ્રસ્તાવના

દક્ષિણ ગુજરાતમાં પ્રચલિત પ્રથા મુજબ ઈ.સ. ૧૮૭૧માં પારડી તાલુકાના ધોડિયાઓ તેમનો બધો જ પાક શાહુકારોને આપી દેતા અને પોતાની પાસે કેવળ જીવન ગુજારવા માટે જરૂરી હોય એટલા જ પ્રમાણમાં નાગલી અને કોદરા જેવા ધાન્યો રાખતા.[૧] વધુમાં શાહુકારો તેઓ પાસેથી ઊંચું વ્યાજ લેતા, વેઠ અને અનેક પ્રકારના કામ કરાવવામાં આવતા. આદિવાસીઓ પાસેથી શાહુકારો આદિવાસીઓ પાસેથી શાહુકારો અલ્પ રકમના દેવા પેટે જમીનો પડાવી લઈ, તેના પર તેમને પોતાના ગણોતિયા કે ભાગિયા તરીકે વસાવી ઊંચા વ્યાજ, વેઠ અને ખેતદાસ પ્રથા નીચે તેમનું શોષણ કરતા હતા. આદિવાસી કિસાનોને જતી રહેલ પોતાની જમીન જ અડધા ભાગે ખેડતા. જમીનદારોની જમીન તેમને મફતમાં ખેડી આપવી પડતી. શાહુકારો વગેરે જમીનો તો હડપ કરી ખેડવા માટે વાલીઓની ગરજ હતી. આવી પરિસ્થિતિમાંથી દુબળા ગુલામોની, વેઠ તથા આદિવાસીઓ પર જુલમ ગુજારવાની પ્રથા શરૂ થઈ. ખેતીની મોસમ ન હોય ત્યારે જમીનદારો પાસેથી આદિવાસી કિસાનો ખાવટી પેટે નિર્વાહ પૂરતું અનાજ મેળવતા જેના બદલામાં જમીનદારોને ત્યાં ચાકર તરીકેની કામગીરી કરવી પડતી અને તેઓની સ્ત્રીઓને જમીનદારોને ત્યાં ઘરમાં ચાકર તરીકે કામ કરવું હતું. આ વિસ્તારમાં આવેલ ઘાસિયા જમીનમાં ઘાસ કાપનાર મજૂર તરીકે કામ કરનારને મજૂરી પેટે ખૂબ ઓછું વળતર ચૂકવી તેમનું આર્થિક શોષણ કરવામાં આવતું. મુંબઈ પ્રાંતના થાણા જિલ્લાના પાલઘર, ઉમરગામ અને દહાણુ તાલુકાના જંગલામાં વસતા વારણી જાતિના આદિવાસીઓ શાહુકારો, જંગલના ઠેકેદારો અને સરકારી અધિકારીઓ દ્વારા થતા શોષણનો ભોગ બન્યા હતા. આદિવાસી ઓનું શોષણ કરવા માટે જે એક વિશિષ્ટ પ્રથા અમલમાંથ હતી તે વેઠના સોટા તરીકે ઓળખાતી.

## ૨. વેઠના સોટાંનો વારો

જમીનદારોની વાડીમાં મોટું ચોગાન હતું. જમીનદારોનો હુકમ હતો કે કિસાન ગણોતિયાઓમાંથી કોઈકે વેઠ મજૂરી માટે ચોગાનમાં હાજરી આપવી. દરેક ગણોતિયાની હાજરીની ચોકસાઈ માટે ગણોતિયાને એક લોઢાનો ગજિયો આપવામાં આવતો. કિસાન આદિવાસીઓ તેને 'વેઠનો આસ' (સોટો) કહેતા. જેને ઘેર વેઠનો સોટો હોય તે ઘરના તમામ માણસોએ જમીનદારના ચોગાનમાં હાજર રહી બતાવેલું કામ કરવું પડતું. કામ પૂરું કરીને ઘેર પાછા વળતાં વેઠનો સોટો બીજા કિસાનના ઘેર આપવામાં આવતો. સોટો ઘેર આવ્યો એટલે તે ઘરના માણસોએ સવારથી સાંજ વેઠ કરવી પડતી. આ રીતે આખું વરસ આ વેઠનો સોટો એક પછી બીજા કિસાનોના ઘેર ફરતો રહેતો. વર્ષોથી ચાલી આવતી પરંપરા મુજબ વારલીઓ આ પ્રમાણે વેઠનું કામ કરતા આવ્યા હતા. એક કિસ્સામાં વેઠનો સોટો આવ્યો. પરંતુ એક કિસ્સામાં બાઈ તાવથી પીડાતી હોવાથી કામે ગઈ ન હતી. તેને હાથ પકડી ખેંચી મુકાદમ દ્વારા વાડીના કંપાઉન્ડમાં લાવવામાં આવી મારઝૂડ કરીને પરાણે કામ ઉપર લગાડી. બાઈ બેભાન થઈ ત્યારે તેને ઘેર મૂકી આવવા તેના ધણીને કહેવામાં આવ્યું. તેને ઘેર મૂકીને ધણી પાછો વેઠે ગયો. ગયો ન હોત તો માર ખાવો પડત.

## ૩. સ્ત્રીઓની કરૂણાજનક યાતના

જમીનદારો તથા મુકાદમોના સપાટામાંથી સ્ત્રીઓ પણ બચી ન હતી. તેઓ ગણોતિયાઓની સ્ત્રીઓને પોતાની માલમિલકત ગણતા અને માનતા હતા કે તેમનો મનફાવે ઉપભોગ કરવો એ તેમનો વંશ-વારસાથી મળેલો હક હતો. કામે આવેલી સ્ત્રીઓની નિર્લજ્જ ઠઠ્ઠામશ્કરી કરવી, અડપલા કરવા, બળાત્કાર કરવા એ સામાન્ય બાબત હતી . જમીનદાર તથા જંગલનો ઈજારદાર બંને તેમની વિષયલાલસા પોષવા માટે ખુલ્લેઆમ વારલી બાઈઓનો ઉપભોગ કરતા. સુવાવડ થયાના બીજા દિવસથી જમીનદારો બાઈને વેઠ મજૂરી કરવા બોલાવતા હતા એક બાઈ હુકમનો અનાદર કરી કામે ગઈ નહિ તેને બીજે દિવસે કામ ઉપર હાજર રહેવા જણાવ્યું.

ફરીથી તે ગઈ નહિ ત્યારે તેના ધણીને મારવામાં આવ્યો.[૨] આ બાબતની બાઈએ ફરિયાદ નોંધાવી. સરકારી અધિકારી સાથે હાથ મિલાવીને જમીનદાર મુદતો પડાવતો ગયો. અનેકવાર લાંબા લાંબા ધક્કા ખાઈ કંટાળી ગયેલી બાઈએ કોર્ટમાં હાજરી આપવાનું બંધ કર્યું. ફરિયાદના આધારે કેસનું પરિણામ શું આવ્યું તેની ખબર ન પડી. ઈ.સ. ૧૯૪૫ના પૂર્વે ૭૫ વર્ષ દરમિયાન પ્રવર્તતા 'ઈન્ડિયન પીનલ કોડ'માં ગુનાહિત ગણાયેલો એક પણ ગુનો એવો ન હતો જે જમીનદારોએ કર્યો ન હોય અને ગુનો કરવા માટે એક પણ જમીનદારને તથા શાહુકારને સજા થઈ હોવાનું એક પણ દ્રષ્ટાંત મળ્યું નથી. જમીનદારોને સરકારી અમલદારો અને સરકારી નોકર વર્ગની મદદ ન મળતી હોત તો તેઓ આદિવાસીઓ પર અત્યાચારી જુલમતંત્ર ચલાવી શક્યા ન હોત. વારલીઓને જંગલ સાફ કરવાનું, બીજ વાવી, રોપા રોપવાનું, આગ લાગે તો ઠારવાનું, આ બધા કામો કરવા પડતાં. ખેતી અને જંગલની વાવણી એક જ સમયે થતી તેથી ખેતીનું કામ મૂકી દઈ જંગલના કામે જવું પડતું, જંગલનું કામ મફત કરવું પડતું. આ કામ માટે સરકાર તરફથી પગાર મળતો જંગલખાતાના નોકરો ચાંઉ કરી જતા. આદિવાસીઓને જૂઠા કેસમાં ફસાવી કોર્ટમાં ફરિયાદ કરવામાં આવતી. શાહુકારો/જમીનદારો, સરકારી નોકરશાહીની મદદથી તેમના પર અતિશય અત્યાચારો કરતા . આવો આ નિરાધાર અને અભણ વારલી પોતપોતાની તૂટીફૂટી ઝૂંપડીઓમાં, જંગલના કોતરો કરાડોમાં અલગ અલગ વાસોમાં રહેતો. તેમનું સંગઠન ન હતું. મનુષ્ય તરીકે જીવવાના હક્કનું તેને જ્ઞાન ન હતું.

આદિવાસીઓ નિરક્ષર. તેમને હિસાબ ન સમજાય, હિસાબ જમીનદાર રાખે, તે કહે તે સાચી ખોટી જમા-ઉધાર કિસાનના ખાતામાં પડે, કાઢેલી ઉધાર રકમ પાછી ન વાળી તો ફાવે તે સજા કરતો. “ એક વારલીએ બાકી ભરી ન હતી. તેથી જમીનદારના નોકરે તેને જમીન ઉપર પટકતયો. તેના શરીર ઉપર બે સાંબેલા આડા મૂક્યાં અને તેના છેડા ઉપર બે માણસોને ઊભા રહેવા કહ્યુ. વારલીએ ઉધાર રકમની કબૂલાત આપતાં સુધી તે માણસોએ સાંબેલાં ઉપર નાચ્યા કર્યું. આ દિવસ સુધી મેં આ પ્રકારની રાક્ષસી શિક્ષા વિશે સાંભળ્યું ન હતું. મને પારૂલેકર થયું કે આ તે શાહુકાર કે રાક્ષસ ?[3]

આદિવાસીઓ પર કરવામાં આવતા અત્યાચારો અંગેની પુષ્ટિ સિમિંગ્ટનો તપાસ અહેવાલ કરે છે :

(બ)કામે જવાનો ઈન્કાર કરવા માટે અથવા ટાળાટાળ કરવા માટે તેઓ જમીનદાર ના માર અને શારીરિક હુમલાના ભોગ બનતા. તેઓ આદિવાસીઓને થાંભલે બાંધીને કોરડાઓ ફટકારતા હતા.

(ક)પોતાની વિષય લાલસા તૃપ્ત કરવા, ગણોતિયાની સ્ત્રીઓને ઉપભોગ કરતાજમીનદારો સહેજ પણ ખચકાતા ન હતાં.[૪]

આદિવાસીઓની નિ:સહાય દશાનો ખ્યાલ ૧૯૩૯માં મુંબઈની ધારાસભામાં ગૃહ અને મહેસૂલ પ્રધાન મોરારજીભાઈ દેસાઈએ આપેલ વ્યકતત્વમાંથી મળી રહે છે. (૨૫ સપ્ટેમ્બર) : "થાણા જિલ્લાના તથા ખાનદેશના ભીલ વિસ્તારમાં કેટલાક વર્ષો પૂર્વે આ લોકો (આદિવાસીઓ) જમીનના માલિકો હતા .... દુકાળ કે અછતના કાળમાં તદન નજીવી રકમના બદલામાં તેમના હાથમાંથી ચાલી ગઈ .... પાંચ શેર અનાજ માટે .... એક એકટરના પાંચ રૂપિયા કે એક રૂપિયા કે આઠ આનામાં જમીનો લઈ લેવાઈ હતી.” (ગોદાવરી પારૂલેકર માનવ જાગે છે ત્યારે, મુંબઈ, ૧૯૭૬, પૃ. ૧, ૨)

## ૪. વારલીઓ દ્વારા પ્રથમ હડતાળ

વારલી આદિવાસીઓ એકાદ સદીથી ગુલામીની અવસ્થામાં સબડતા હતા. જુલ્મી જમીનદારો તેમનું નિરંતર શોષણ કરતા હતા. ખેતમજૂરી કરતા વારલીઓને દૈનિક વળતર તરીકે માત્ર એક આનો મળતો હતો. કોઈ પણ રીતે તેઓ પોતાનું ગુજરાન ચલાવી શકે તેમ ન હતા. આવા સંજોગોમાં સરકારી અધિકારી સાવે વારલીઓની સહારે આવ્યા. સાવે આસિસ્ટન્ટ બેકવર્ડ-કલાસ ઓફિસર હતા. સાવેની સહાનુભૂતિ અને પ્રેરણાથી વારલીઓએ ૧૯૪૪માં હડતાલ પાડી દૈનિક વળતર પેટે ૧૨ આનાની માંગણી કરી જો કે હડતાલ લાંબો સમય સુધી ન ચાલી. સરકારના દબાણ સામે સાવેએ નમતું જોખવું પડ્યુ. તેમણે વારલીઓને દૈનિક ૬ આના મંજુર રાખીને હડતાલ સમેટી લેવા કહ્યું. સાવેએ ટેકો પાછો ખેંચી લીધો એટલે વારલીઓને ખૂબ જ આઘાત લાગ્યો.[૫] વારલીઓએ પહેલી જ વાર અધિકારો માટે અવાજ ઉઠાવ્યો હતો પણ હડતાલ નિષ્ફળ ગઈ એટલે વારલીઓ હતાશામાં સરી ગયા. એ જ અરસામાં મહારાષ્ટ્રના કિસાનસભાના ડો. સાનેએ ઉમરગામ તાલુકાના કેટલાંક ગામોની મુલાકાત લીધી. ઈ.સ. ૧૯૪૪ના ડિસેમ્બર મહિનાના ત્રીજા અઠવાડિયામાં ડો. સાનેએ ઝરી ગામમાં ૩૦૦ વારલીઓને સંબોધન કર્યું. તેમને નવી જ આશાનો સંચાર થયો. ડો. સાને જણાવ્યું કે "૧૨ જાન્યુઆરી, ૧૯૪૫ના રોજ થાણા જિલ્લાના ટીટવાળામાં મહારાષ્ટ્ર કિસાનસભાની પ્રથમ પ્રાંતિય પરિષદનું આયોજન કરાયું છે."[૬] વારલીઓએ કહ્યું, “ અમારા કેટલાક પ્રતિનિધિઓ આ પરિષદમાં ઉપસ્થિત રહેશે.” ઉમરગામ તાલુકાના

૧૫ વારલી આદિવાસી ટીટવાડા પરિષદમાં હાજર રહ્યા. મહારાષ્ટ્રના દરેક જિલ્લામાંથી કુલ મળીને ૭૦૦૦ ખેડૂતો આ પરિષદમાં આવ્યા હતા. આવડી મોટી હાજરીનો વારલી આદિવાસીઓ પર જોરદાર પ્રભાવ પડ્યો. જાહેર મંચ પરથી પોતાની વાત કહેવાની તક તેમણે ઝડપી લીધી. એવા માયાધાંગડાએ વેઠપ્રથા વિરૂદ્ધ આગ ઝરતું ભાષણ કર્યું. ભાષણના અંતમાં એણે કહ્યું કે હવે વારલીઓ વેઠિયા તરીકે કામ નહિ કરે અને શોષણખોરોનો પ્રતિકાર કરશે. વારલીઓ કિસાનસભાઓને પોતાનો જ એક હિસ્સો માનવા લાગ્યા. દરમિયાન કિસાનસભાના છત્ર હેઠળ ૨૩ મે ૧૯૪૫ના રોજ એક પરિષદના આયોજનની જોરશોરથી જાહેરાત કરવામાં આવી.

## ૫. ઉમરગામ સંમેલન

જમીનદારોએ કિસાનસભાનો જોરદાર વિરોધ કર્યો, છતાં પરિષદ યોજાઈ. આ માટે સામ્યવાદી કાર્યકરો દળવી અને ગોદાવરીબાઈએ એક મહિના અગાઉથી જંગલ વિસ્તારોનો પ્રયાસ કરી, કિસાનોનો સંપર્ક સાધી તેઓને પરિષદમાં હાજર રહેવા પ્રોત્સાહિત કર્યા હતા. સંમેલનમાં વારલી મોટી સંખ્યામાં હાજર રહ્યા. "A new awakening and consciousness was being born."[૭] પરિષદમાં વેઠપ્રથા નાબૂદ કરવાનો મહત્વનો નિર્ણય લેવાયો.

વારલી પરિષદમાં આ ચાર સૂત્ર તૈયાર કરવામાં આવ્યાં :

(૧)દૈનિક ૧૨ આના વળતરની રોકડ ચૂકવણી ન થાય તો જમીનદારોની અંગત માલિકીની જમીન ખેડવી નહિ.

(૨)જમીનદારોને વિના મૂલ્યે સેવા આપવી નહિ.

(૩)જમીનદાર તમારા પર હુમલો કરે તો એનો પ્રતિકાર કરવો.

(૪)તમારે સહુએ સંગઠિત થવું અનિવાર્ય છે.[૮]

જમીનદાર સુધી પણ આ સૂત્રના પડઘા પહોંચ્યા. તેઓ આદિવાસીઓ પર હુમલો કરવાને અને ત્રાસ ગુજારવા ટેવાયેલા હતા પણ સંગઠિત આદિવાસીઓની શક્તિ સામે તેઓ ઝૂકી ગયા. વેઠ પ્ર થા નાબૂદ કરવામાં વારલીઓને સફળતા મળી એટલે તેમનો આત્મવિશ્વાસ વધ્યો. હવે તેમણે શાહુકારોની જમીન વિના મૂલ્યે ખેડવાનો નનૈયો ભણ્યો. કિસાનસભા દૈનિક વળતર દર નક્કી કરે એવી માંગણી વારલીઓએ કરી. શાહુકારો વારલીઓનું આ નવું સ્વરૂપ જોઈને શરણાગતી સ્વીકારી લીધી. આ રીતે વિના મૂલ્યે સેવા આપવાની પરંપરા સમાપ્ત થઈ. આદિવાસીઓ ગુલામીમાંથી મુક્ત થયા.[૯]

ઉમરગામના આદિવાસીઓની સફળતાથી પ્રેરાઈને દહાણુના વનવાસીઓએ પણ મુક્તિત ચળવળ શરૂ કરી. સપ્ટેમ્બર ૧૯૪૫માં આરંભાયેલી આ ચળવળમાં દહાણુના લગભગ ૧૫૦૦૦ આદિવાસીઓ જોડાયા હતા. તેમણે વેઠ પ્રથા નાબૂદ કરાવી દીધી પછી તેમણે દેવાદાર ગુલામ આદિવાસીઓને પણ શાહુકારોના પંજામાંથી છોડાવ્યા. વારલીઓ લાલ ઝંડા સાથે શાહુકારોને ઘેર જતા. દરવાજે ઊભા રહીને પેલા ગુલામ આદિવાસીઓને બોલાવતા. આદિવાસી પોતાની પત્ની અને સામાન સાથે બહાર આવતો. વારલીઓની સાથે ચાલવા માંડતો. શાહુકારો તેમને રોકવાની હિંમત કરી શકતા નહિ. એ જ ક્ષણથી પેલો આદિવાસી ગુલામીમાંથી મુક્ત થઈ જતો.[૧૦] આ રીતે હજારો આદિવાસીઓને ગુલામીમાંથી મુક્ત કરાવ્યા હતા. વારલીઓની વાસ્તવિક પરિસ્થિતિનું નિરૂપણ કરતું ગોદાવરી પારૂલેકરના પુસ્તક વાચકને વારલીઓના 'જગત'ની પ્રતીતિ કરાવે છે. તેમણે 'લાલ- વાવટા'ના પ્રચારનો પ્રયત્ન કર્યો નથી પણ વારલીઓને સારું સાર્વજનિક જીવન જીવવા મળે એ માટે સંઘર્ષ કરવા આહ્વાન કર્યું છે." [૧૧] સંમેલનના દઢ સંગઠનના પરિણામે ફકત ત્રણ અઠવાડિયામાં વારલી વિસ્તારમાંથી વેઠ પ્રથા નાબુદ થઈ શાહુકારોએ એ પ્રતીતિ થઈ કે વારલીઓ હવે કોઈપણ પ્રકારનો એમના પ્રત્યેનો અમાનવીય વ્યવહાર સહન કરશે નહિ.[૧૨] વારલીઓ પર કરવામાં આવતા અત્યાચારો એમના જીવન ની એક સર્વસામાન્ય બાબત હતી, એ હવે આપોઆપ સદંતર બંધ થયા. એમનામાં સ્થાપિત એક્તતા અને દ્રઢ સંગઠનના કારણે શાહુકારો એટલા ભયભીત થયા કે તેઓ વારલીઓ તરફ આંગળી ઉઠાવવાની હિંમત કરી શક્યા નહિ. શાહુકારોને એ સ્પષ્ટ પ્રતીતિ થઈ કે વારલીઓ હવે કોઈ પણ પ્રકારનો એમના પ્રત્યેના અમાનવીય વ્યવહાર સહન કરશે નહિ.

## ૬. ખેતદાસ (વેઠ) પ્રથાની નાબૂદી

વેઠ પ્રથાની નાબૂદી કરવામાં પ્રાપ્ત કરેલ સફળતા બાદ વારલીઓ ખેતદાસ પ્રથા નાબૂદ કરવા કટીબદ્ધ થયા. સ્વાભાવિક રીતે, એ સફળતાએ તેઓના જુસ્સા અને હિંમતમાં વૃદ્ધિ કરી અને હવે તેઓ વધુ આક્રમક વલણ અપનાવવા તૈયાર થયા. વરસાદની મોસમનો પ્રારંભ થતાં, તેઓએ જમીનદારો/શાહુકારોની જમીન વિના વળતરે મફતમાં ખેડવાનો ઈન્કાર કર્યો. તેઓએ કિસાનસભા

દ્વારા ઠરાવેલ લઘુત્તમ વેતનની માંગણી કરી. આ પ્રવૃત્તિ સમગ્ર ઉમરગામ તાલુકામાં પ્રસરી અને મહારાષ્ટ્રના દહાણુ તાલુકામાં પણ એની અસર થઈ. સપ્ટેમ્બર ૧૯૪૫માં કિસાનોએ અનેક ગામોમાં સભાઓ ભરી શોષણ વિરોધી ઠરાવો પસાર કર્યા. સભાઓમાં પ્રારંભમાં બે થી ત્રણ હજાર કિસાનો હાજર રહેતા પણ થોડા સમય બાદ એ સંખ્યા ૮ થી ૧૫ હજારની થઈ. કિસાનસભાના કાર્યકરોએ આપેલ પ્રોત્સાહનના કારણે આર્થિક દેવાના બદલામાં ફરજિયાત બનેલ ચાકરી પ્રથાને નાબૂદ કરવા તેઓ કટીબદ્ધ બન્યા. આખરમાલ અને નારપૂડ મુકામે મળેલ સંમેલનમાં લેવાયેલ નિર્ણયનો અમલ કરાવવા સંમેલન બાદ તરત જ કિસાનોની ચાર ટૂકડીઓ લાલવાવટા સાથે સરઘસ કાઢી જુદા જુદા ગામોમાં ગઈ. ત્યાં જમીનદારોના નિવાસસ્થાને ઊભા રહી, ખેતદાસ/ચાકરને બહાર બોલાવી, તેને દેવા મુક્ત અને ખેતદાસ તરીકે મુક્ત થયો હોવાનું જાહેર કરી, તેને સરઘસમાં સામેલ થવાની સૂચના આપવામાં આવતી. આવા ચાકરો તરત જ પોતાના પરિવાર અને સામાન સાથે જમીનદારનું નિવાસસ્થાન છોડી દેતા. વારલી કિસાનોના સંગઠન, જુસ્સા અને આક્રમક વલણ જોઈ, જમીનદારો તેઓનો સામનો કરવાનું સાહસ કરી શક્યા નહોતા.[૧૩] આમ, વિના વળતરે મફતમાં જમીનદારોની જમીન ખેડી આપવાની વરસો જૂની અને મજબૂત ખેતદાસ પ્રથા (Serf -tenure)નો અંત આવ્યો. શામરાવ પારૂલેકરના શબ્દોમાં "“.... the oldest and strongest citadel .... crumbled as easily as forced labour had collapsed. .... Abolition of serf - tenure was a glorious victory."[૧૪] વેઠ પ્રથાની જેમ જ સહેલાઈથી નાબૂદ કરી શકાયેલ ખેતદાસ પ્રથાએ વારલીઓનો જવલંત વિજય હતો. તેઓએ એક સદી પહેલાં ગુમાવેલ મુક્તિત પુન: પ્રાપ્ત કરી હતી.

### ૭. ઘાસ કાપણી હડતાલ અને ખેડૂતોની યુક્તિ

ઓક્ટોબર મહિનામાં ઘાસ તૈયાર થતાં, એની કાપણી શરૂ કરવામાં આવતી. ઓક્ટોબર ૧૯૪૫માં ઘાસ કાપણી માટે કિસાનોએ ૫૦૦ રતલ ઘાસની કાપણી માટે અઢી રૂપિયાના લઘુતમ વેતનની માંગણી કરી. ઘાસ કાપણીનો સમય શરૂ થતાં ઘાસ કાપણી માટે એક પણ વારલી મળી શક્તયો નહોતો.[૧૫] હડતાલથી ગભરાઈ ગયેલ જમીનદારો/શાહુકારોએ પોતાની અસહાય પરિસ્થિતિમાં, આંદોલન/હડતાલનો અંત લાવવા માટે સરકારી અધિકારીઓને મદદ કરવા વિનંતી કરી. તેઓએ જિલ્લા ન્યાયાધીશને કિસાનોની સભાઓ પર પ્રતિબંધ મૂકવા અનેક વખત વિનંતી કરી. કિસાનસભાના કાર્યકરો વારલીઓને હિંસા માટે ઉત્તેજિત કરતા હોવાની ફરિયાદ કરી . જિલ્લા ન્યાયાધીશે વારલીઓની હડતાલ/ આંદોલન શાંતિપૂર્ણ હોવાથી પ્રતિબંધ મૂકવાનો ઈન્કાર કર્યો. આથી આંદોલનને કચડી નાંખવા તેઓએ અન્ય યુક્તિઓ અજમાવવાનો નિર્ણય કર્યો. જમીનદારોએ સારી રીતે સમજ્યા હતા કે વારલીઓ પૂર્ણત: લાલવાવટાને વફાદાર હતા. આ મૂળભૂત તથ્યના આધાર પર તેઓએ પોતાની યોજના તૈયાર કરી. વારલીઓને લાલવાવટાના નામે સહેલાઈથી ગેરમાર્ગે દોરી શકાશે એવી તેઓની સમજ હતી. વારલી આંદોલન હિંસક સ્વરૂપ ધારણ કરે અને સરકારને એમાં દરમિયાનગીરી કરવાની ફરજ પડે એ માટે જમીનદારોએ ઉમરગામ તાલુકાના ગામોમાં એક અફવા ફેલાવી કે ભિલાડ નજીક આવેલ તલવાડા મુકામે ૧૦ ઓક્ટોબરના રોજ કિસાન આગેવાન શ્રીમતી ગોદાવરીબાઈ શામરાવ પારૂલેકરની રાખવામાં આવેલ કિસાનસભા પર શાહુકારોના ગુંડાઓ દ્વારા હુમલો કરવામાં આવશે. તલવાડા મુકામે દશ હજાર જેટલાં કિસાનો એકત્રિત થયા. જિલ્લા પોલીસ વડાની માહિતી મુજબ એકત્રિત થનારાઓની સંખ્યા ત્રીસ હજારની હતી.[૧૬] શાહુકારોએ પોલીસને જણાવ્યું કે તલવાડા મુકામે એકત્રિત થયેલ વારલીઓ, તેઓની હત્યા કરવાનો ઈરાદો ધરાવતા હોવાથી તેઓનું જીવન ભયમાં હતું. ૧૦ ઓક્ટોબરની મધ્યરાતે સશસ્ત્ર પોલીસ તલવાડા આવી પહોંચી અને શાંત રહેલ વારલીઓ પર ચાલતી મોટરવાન પરથી ગોળીબાર કર્યો. ગોળીબારના કારણે એક વારલીનું મૃત્યુ અને કેટલાકને ઈજા થઈ હોવા છતાં તેઓ ત્યાંથી વિખેરાયા ન હતા. ૧૧ ઓક્ટોબર રાતના ૩ વાગ્યા સુધી સમયાંતરે ત્રણ વખત તમામ દિશાઓમાંથી પોલીસે ગોળીબાર ચાલુ રાખ્યા. પરિણામે પાંચ વારલીઓના મૃત્યુ થયા. ઘવાયેલ વારલીઓમાં ૧૨ વર્ષનો એક બાળક પણ હતો. આમ છતાં વારલીઓ ત્યાંથી ખસ્યા નહિ. શામરાવ પારૂલેકરના મતે - “The episode was a thrilling exhibition of the reckless defiance of death by the Varli, his loyalty to the Red Flag and the birth of rare courage in him."[૧૭] ગોળીબાર થયો હોવા છતાં વારલીઓ વિખરાયા નહોતા. તેઓ એમ માનતા કે સભાનું આયોજન લાલ વાવટાએ કરેલ હોવાથી એ જ્યાં સુધી વિખેરી જવા માટેની પરવાનગી ન આપે ત્યાં સુધી એમ કરવાનું ન હતું. “They would rather pay any amount of price in life rather than disperse without the permission of the Red Flag."[૧૮] તલવાડાથી બાર માઈલના અંતરે આવેલ ખાતલવાડા મુકામે આવેલ કિસાનસભાના કાર્યલય પર ઘટના અંગેનો સંદેશો મોકલવામાં આવ્યો. ત્યાં હાજર બિરાદર કમલાકર રણદિવે તરત જ રાતના ૩ વાગ તલવાડા આવ્યા. તે એકત્રિત થયેલાઓને સંબોધી શાંતિથી વિખેરાઈ જવા સમજાવી રહ્યા હતા ત્યારે પસાર થઈ રહેલ પોલીસ વાનમાંથી કરાયેલ ગોળીબારના કારણે એક વારલીનું મૃત્યુ થયું અને અનેક વારલીઓ ઘવાયા. જમીનદારો અને સરકારના વર્તનના કારણે પાંચ નિર્દોષ વારલીઓ થયેલ મૃત્યુએ વારલીઓમાં વ્યાપક પ્રમાણમાં એમના પ્રત્યે તીવ્ર કડવાશ ઊભી થઈ. પ્રારંભમાં સામ્રાજ્યવાદી નોકરશાહીનું

વલણ આ પ્રશ્નમાં હસ્તક્ષેપ ન કરવાનું હતું પણ એમાં એકાએક પરિવર્તન આવ્યું. કાયદો અને વ્યવસ્થાની જાળવણીના બહાના હેઠળ પોલીસે દમનનો ઉગ્ર માર્ગ અપનાવ્યો. ૧૩ ઓકટોબરના રોજ ચાર કે વધુ માણસોના એકઠા થવા પર બે મહિના માટે હિંદ સુરક્ષા ધારા હેઠળ પ્રતિબંધ મૂકવામાં આવ્યો. ૧૪ ઓકટોબરે, જમીનદારોએ જિલ્લા ન્યાયાધીશને સામ્યવાદીઓને તાલુકામાંથી હદ પાર કરવા વિનંતી કરી. બીજા જ દિવસે જિલ્લા પોલીસ સુપ્રિન્ટેન્ડેટે, પારૂલેકર દંપતિ - શામરાવ અને ગોદાવરીબાઈ, બિરાદરો કમલાકર રણદિવે, જશવંત ઠક્કર અને ફોટોગ્રાફર સુનીલ જનાહ વગેરેને ઉમરગામ તાલુકામાંથી હદપાર કર્યા. શામરાવ પારૂલેકરના મતે “The main object of the repression was to terrorise the rising movement of the liberated Varlis, and to drown it in blood."[૧૯] હડતાલને કારણે જમીનદારોને ઘણું આર્થિક નુકશાન ભોગવવું પડ્યુ. આથી તેઓ અઢી રૂપિયાનું લઘુત્તમ વેતન ઘાસ કાપણી આપવા માટે સંમત થયા. કેટલાંક જમીનદારોએ ઝડપથી ઘાસ કાપણી થાય એ માટે અઢી રૂપિયાના બદલે રૂ. ત્રણનું લઘુત્તમ વેતન સુદ્ધાં ચૂકવ્યું.[૨૦]

## ૮. મહાલક્ષ્મી સંમેલન

આદિવાસીઓની ભાવિ પ્રવૃતિ વિશે વિચારણા કરવા માટે ૨૧ જાન્યુઆરી, ૧૯૪૬ના રોજ થાણા નજીક મહાલક્ષ્મી મુકામે દહાણુ અને ઉમરગામ તાલુકાના કિસાનોનું એક સંમેલન મળ્યું. આ સંમેલનમાં બે મુખ્ય ઠરાવો પસાર કરવામાં આવ્યા :

(૧)કિસાનો ખમી ન શકે એ તમામ જૂની અન્યાયી બાકી રદ કરવી આના અનુસંધાનમાં કિસાનોને હાકલ કરવામાં આવી, “ છેલ્લાં ત્રણ વર્ષમાં વધારવામાં આવેલ ગણોત (ચભ્દ્યત્) ભરશો નહિ. જૂની બાકી આપશો નહિ.”

(૨)ગણોત પેટે કિસાનોએ ફક્તત ડાંગર જ આપવી. શાકભાજી, કઠોળ, આમલી વગેરે બીજું કશું આપવું નહિ.[૨૧]

ઈ.સ. ૧૯૪૬ના જૂનમાં ચોમાસુ શરૂ થતાં કિસાનોએ સંમેલનના બંને ઠરાવોનો ચુસ્ત અમલ શરૂ કર્યો. તેઓએ એક જ વર્ષની ગણોત આપવાનો અને અગાઉના વર્ષોની બાકી રહેલ ગણોત આપવાનો ઈન્કાર કર્યો.[૨૨] વારલી કિસાનોએ ઠરાવોનો ચુસ્ત અમલ થાય એ માટે કડક દેખરેખ રાખવાની ગોઠવણ કરી. ગણોત ઉપરાંત અન્ય કોઈ વસ્તુ જમીનદાર કે તેનો નોકર લઈ જતા દેખાય તો તેને રોકવામાં આવતો. જમીનદારોનો પક્ષ ન્યાયી નહોતો તેમજ વારલીઓ સંગઠિત અને દ્રઢનિશ્ચયી બન્યા હોવાથી જમીનદારોને એક વર્ષની ગણોતથી જ સંતોષ માનવો પડ્યો. ગોદાવરીબાઈના કહેવા મુજબ “ આદિવાસીઓનો ઉત્સાહ અવર્ણનીય હતો. તેથી ઝાઝી મહેનત ન કરતાં બધી જ માંગણીઓ મળી ગઈ.” [૨૩]

## ૯. જંગલના મજૂરોનો પ્રશ્ન તથા પરમીટની માગણી

દશેરા-દિવાળી બાદ ઘાસ કાપણી કે ડાંગરની લણણી શરૂ થાય એની સાથે જ જંગલના વૃક્ષો કાપવાની શરૂઆત થતી. જંગલ ફાડવાની મજૂરી અત્યંત નજીવા ચાર આનાની હતી. આથી કિસાનસભા દ્વારા યોગ્ય મજૂરીની માંગણી કરવામાં આવી. ઈ.સ. ૧૯૪૬માં હિંદની રાજકીય પરિસ્થિતિમાં પરિવર્તન શરૂ થયું. ૯૩મી કલમની રાજવટનો અંત આવ્યો અને મુંબઈ ઈલાકામાં (પ્રાંત) કોંગ્રેસનું પ્રધાનમંડળ સત્તાસ્થાને આવ્યું. મુંબઈ પ્રાંતના બી. જી. ખેરના પ્રધાનમંડળમાં મોરારજીભાઈ દેસાઈ ગૃહપ્રધાન હતા. થાણા જિલ્લાના કલેકટર બેડેકરની બદલી થતાં બારડોલી સત્યાગ્રહને કચડી નાંખનાર અલમૌલા એમના સ્થાને આવ્યા. જંગલખાતા દ્વારા પ્રતિવર્ષ કરવામાં આવતી હરાજીમાં ઠેકેદારો કૂપો રાખતા. કૂપોમાં આવેલ સાગ વૃક્ષો કાપવાનું, એમની સાફસૂફી કરવાનું, માપ અને ગુણવત્તા પ્રમાણે ગોઠવવાનું તેમજ બળદગાડા કે ટ્રકમાં ભરવાનું કામ મજૂરોએ કરવાનું હતું. ૧૯૪૬માં ઈમારતી લાકડાના ભાવમાં તેજી આવવાથી વેપારીઓને પુષ્કળ નફો થયો હોવા છતાં મજૂરીનો ચાર આના દર યથાવત જ રહ્યો. સિમીંગ્ટનના અહેવાલ જણાવે છે : “ મજૂરીનો રોજ ચાર આનાનો છે. અંગ પર કામ લીધું તો પણ છ અથવા વધારે લોકોએ એકત્ર થઈને કામ કર્યાની જે મજૂરી લીધી તે રોજના ત્રણ આના (જણ દીઠ) અથવા હમેશાં તેનાથી પણ ઓછી મળતી.” [૨૪]

કિસાનસભાએ જંગલ ફાડવા માટે સવા રૂપિયા રોજની લઘુત્તમ મજૂરીની માંગણી કરી. જે તેઓ દર આપવા તૈયાર ન હતા. કિસાનસભાને જડમૂળથી ઉખેડી નાંખવા કલેકટર અલમૌલાએ ઘાસ કાપણી મજૂર ૫૦૦ રતલ માટે દોઢ થી બે રૂપિયા નક્કી કર્યો અને જંગલ ફાડવા માટે રૂપિયો એક વારલી આદિવાસીઓ ઓછા દરે ઘાસ કાપવા તૈયાર ન હતા. પરિણામે કિસાનસભાએ બંને માંગણીઓનો સ્વીકાર ન થાય ત્યાં સુધી હડતાલ કરવાનો નિર્ણય કર્યો. જંગલમાં રહેતા વારલીઓએ શીઘ્ર જ હડતાલ કરવાના નિર્ણયને સમર્થન આપ્યું.[૨૫] કિસાનસભાના આદેશની જાણ કરવા આદિવાસીઓએ એક વિશિષ્ટ પ્રકારની રીત અપનાવી. એક

લાકડી પર તાડ (toddy)નું પાંદડું બાંધી એની સાથે હડતાલની ચિઠ્ઠી લગાડી તે એક ગામથી બીજે ગામ ફેરવવામાં આવતી. લાકડી પહોંચતાની સાથે જંગલમાં કામ કરતા વારલીઓ કામ બંધ કરી દેતા અને એ ઉપરાંત માલ લાવવા લઈ જવા માટેના ગાડાઓની વાહતૂક સુદ્ધાં આદિવાસીઓએ બંધ કરી. જમીનદારો અને શાહુકારોએ વારલીઓની હડતાલ તોડવા માટે વિવિધ પ્રકારની રીતરસમો અપનાવી. આદિવાસીઓને દબાવવા, જમીનદારો/શાહુકારોએ ક્ષુલ્લક કારણો દર્શાવી, એમના પર ન્યાયાલયમાં આશરે ૪૦૦ દાવાઓ દાખલ કર્યા. કિસાનસભાની પ્રવૃત્તિઓના કારણે વારલી આદિવાસીઓમાં ઝડપથી પરિવર્તન આવ્યું. શામરાવ પારૂલેકરના શબ્દોમાં, " Straight from infancy, he {Varli} stepped into maturity."[૨૬] આંદોલનના કારણે તેઓ પોતાના અધિકારો પ્રત્યે સભાન બન્યા. માર્ચ ૧૯૪૬માં મુંબઈ પ્રાંતિક ધારાસભાની ચૂંટણીમાં લાલ વાવટાએ પોતાનો ઉમેદવાર ઊભો રાખ્યો. મતદાનના દિવસે વારલીઓનું સરઘસ મતદાન કેન્દ્ર પર પહોંચ્યું ત્યારે તેઓને જાણવા મળ્યું કે તેમના શોષણખોરોને મતદાનનો અધિકાર હતો પણ તેઓ પોતે એ અધિકારથી વંચિત હતા. કોંગ્રેસના ઉમેદવાર સામે લાલવાવટાના ઉમેદવારનો પરાજય થયો. વારલીઓનો પ્રશ્ન, બેશક, પૂર્ણત: આર્થિક હતો પણ સરકારે તેને રાજકીય સ્વરૂપ આપ્યું. સરકારની દ્રષ્ટિએ હિંસાના હિમાયતીઓ (લાલવાવટાવાળા) આદિવાસીઓને ઉશ્કેરી રાજકીય પરિવર્તન (સામ્યવાદી રાજ્ય) લાવવા માંગે છે. [૨૭]

## ૧૦. પરમીટની માંગણી

કિસાનસભાએ ઠરાવેલ મજૂરીના લઘુત્તમ દર આપવાનો સ્વીકાર કરનાર જમીનદારોના ઘાસની કાપણી લાલવાવટાની પરમીટ (પરવાનગી ચિઠ્ઠી) વગર કરવાનો વારલી આદિવાસીઓએ ઈન્કાર કર્યો. કિસાનસભાએ પરમીટ મેળવનારોના ઘાસની કાપણી કરવાનો આદેશ આપ્યો. જંગલના ઠેકેદારોને ત્યાં કામ કરતા આદિવાસીઓએ વાજબી મજૂરીના દર ન મળે તો કામ કરવાનો ઈન્કાર કર્યો. ૧૨૦ જેટલાં લાકડાંના પીઠાંઓ પર તેઓએ કામ કરવાની ના પાડી.[૨૮] જંગલના ઠેકેદારો/જમીનદારોએ વારલીઓને ગાડાં તરત જ ચાલુ કરવા જણાવ્યું. પ્રત્યુત્તરમાં વારલીઓએ સ્પષ્ટ કર્જું કે યોગ્ય ભાવે ગાડાં ચલાવવા માટેની કિસાનસભાની પરમીટ મળે તો જ ગાડાં ચલાવશે.[૨૯] ઠેકેદારોએ આદિવાસીઓને દબાવવા અપનાવેલ બળપ્રયોગ અને અન્ય યુક્તિતઓ સામે તેઓ વિચલિત થયા નહોતા. સામ્યવાદીઓના પીઠબળને લીધે હડતાલ/આંદોલનને પૂર્ણ સફળતા મળે તો આદિવાસીઓમાં વિકસિત થઈ રહેલ સામ્યવાદ પ્રત્યેની શ્રદ્ધાને નાબૂદ કરવાનું અશક્ય બને એવું સરકારને પ્રતીત થતાં તે આંદોલનનું દમન કરવા સક્રિય બની.

## ૧૧. સરકારની કાર્યવાહી

સરકારે નક્કી કરેલ દર પર વારલીઓ કામ કરવા તૈયાર થાય એ માટે મામલતદારે ૨૨ ઓક્ટો ૧૯૪૬ના રોજ આયોજિત કરેલ સભામાં કોઈ વાણી હાજર ન રહ્યો. આથી ચિંતાતુર બનેલ જમીનદારો/શાહુકારોએ ૧૯૪૫ની ઘટનાનું પુનરાવર્તન કર્યુ.

## ૧૨. શહીદોના સ્મૃતિ દિનની ઉજવણી

પુન: એવી અફવા ફેલાવવામાં આવી કે કિસાનો ૧૦ ઓક્ટોબર, ૧૯૪૬માં પોલીસ ગોળીબારમાં શહીદ થયેલ વારલીઓની યાદમાં 'સ્મૃતિ દિન'ની ઉજવણી કરવામાં આવશે. આ માટે તલવાડા ગામે સભા ભરવામાં આવી.[૩૦] ૧૦ ઓક્ટોબર, ૧૯૪૫માં વારલીઓ પર કરાયેલ ગોળીબાર અન્યાયી હતો એવું સરકારે કરેલ તપાસનું તારણ હતું. 'ચિત્રા' દૈનિકમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ કે, "No one from police .... injured though there was stone throwing. The firing, we fear, must have been indiscriminate. We feel that there should be an open and independent inquiry into it."[૩૧] એસ. પી. સો દોઢસો પોલીસની ટુકડી લઈને તલવાડા પહોંચ્યા, પણ તલવાડા મુકામે કોઈ પણ આદિવાસી ગયો ન હતો. જમીનદારોની ચાલ સફળ થઈ ન હતી. સુનીલ સેનના મતે તલવાડા મુકામે બોલાવવામાં આવેલ સભા કિસાનસભા દ્વારા રદ કરવામાં આવી કેમ કે તે પોલીસ સાથેના સંઘર્ષને ટાળવા આતુર હતી. પોલીસ તલવાડા પહોંચી ત્યારે જણાયું કે સભા તો રદ કરવામાં આવી હતી.[૩૨]

## ૧૩. સમાધાન

હડતાલ કોઈ પણ પ્રકારના અવરોધ વગર લગભગ એક મહિનાથી સતત ચાલી હોવાથી ઘાસની કાપણી થતી ન હતી. પોતાને થતાં આર્થિક નુકશાનનો અંત લાવવા કેટલાંક જમીનદારો કિસાનસભાએ ઠરાવેલ મજૂરીનો લઘુત્તમ દર આપવા સંમત થયા. વધુમાં તેઓ આદિવાસીઓ પર કરેલ કેસો પાછા ખેંચી લેવા તૈયાર થયા. આટલાથી આદિવાસીઓ સંતુષ્ટ ન થયા. તેઓએ એવી માંગણી કરી કે ખોટા દાવાઓ કરવા બદલ ગામની સલાહ લઈ જમીનદારોએ સમસ્ત ગામ માટે અમુક રકમ દંડ તરીકે ભરવી. કેટલાક

જમીનદારોએ આ માંગણી માન્ય રાખી કેમ કે તેઓને હજારો રૂપિયાનું નુકશાન થાય તેના કરતાં થોડોક દંડ ભરવાનું હિતાવહ લાગ્યું. ખૂબ જ શ્રીમંત જમીનદારો કિસાનસભાએ ઘાસ કાપણી માટે ઠરાવેલ દરે મજૂરી આપવાનો ઈન્કાર કર્યો - ભલે ગમે તેટલું આર્થિક નુકશાન થાય.તેઓએ સરકારની મદદ મેળવી ઘાસની કાપણી કરાવી લેવાનો પ્રયત્ન કર્યો પણ તેમની ઘાસની કાપણી થઈ નહિ.[૩૩]

જંગલ કાપવાની હડતાલનો અંત આવવાના ચિહ્નો દેખાતા ન હતા. લાકડાના વેપારીઓનો મોટા પ્રમાણમાં આર્થિક નુકશાનના થઈ રહ્યું હતું. આવી પરિસ્થિતિમાં ટ્રાયબલ વેલફેરના ખાસ અધિકારી તથા પ્રાંત અધિકારીએ સમાધાન કરાવવાનો પ્રયાસ કર્યો. ઈમારતી લાકડાના વેપારીઓના મંડળના પ્રમુખ અને પ્રતિનિધિઓ તેમજ કિસાનસભાના કાર્યકરો સાથે વાટાઘાટો શરૂ કરી. આના ફળસ્વરૂપે જંગલના કામ માટે સવા રૂપિયો રોજ આપવાનું નક્કી થયું. વધુમાં કામ કરતાં અકસ્માતથી ઈજા થાયતો એ અંગે વળતર આપવાનું પણ ઠરાવવામાં આવ્યું. લાકડાના વેપારીઓના મંડળે થયેલ સમાધાનનો જાહેરમાં સ્વીકાર કર્યો. કિસાનસભાએ ૧૧ નવેમ્બરના રોજ હડતાલ સમાપ્ત કરવાનું જાહેર કર્યું.[૩૪] અર્ધનગ્ન આદિવાસીઓએ આંખો આંજી દે તેવો વિજય મેળવ્યો. એસ.વી. પારૂલેકર લખે છે, "It was a great victory for the Varlis. They had successfully fought and met the offensive of the landlords, the timber merchants and the repression of the bureaucracy and had conducted their struggle most peacefully to a successful end." [૩૫] સુનીલ સેન વારલી આંદોલનની પડેલ અસર અંગે યથાર્થ કહે છે, "The militant movement of the Warlis .... made a deep impact on the life in the villages."[૩૬] વેઠપ્રથા, દાસ (ચાકર) પ્રથા, શારિરીક અત્યાચારો તેમજ ખોટા હિસાબો રાખવાની પદ્ધતિનો અંત આવ્યો. ઘાસ કાપણી અને જંગલના કામ માટે ઠરાવેલ મજૂરીના લઘુત્તમ દર આદિવાસીઓને મળતા થયા હોવાથી એમની આર્થિક સ્થિતિ સુધરવાના કારણે એમની જીવન શૈલીમાં પણ ફેરફારો થયા. દા.ત. લંગોટી અને અર્ધનગ્ન અવસ્થા ગઈ અને કપડાં પહેરતાં થયા. એમના ઘરોમાં જૂજ પ્રમાણમાં તાંબા-પિત્તળના વાસણોનો ઉપયોગ શરૂ થયો. વારલીઓમાં આવેલ સૌથી મોટું પરિવર્તન એટલે તેમનામાં જાગેલ સ્વમાનની ભાવના . કિસાનસભાના કાર્યકરોએ વારલી આદિવાસીઓને જાગૃત કરવામાં તેમજ સંગઠિત કરવામાં ખૂબ જ નોંધપાત્ર અને મહત્વની ભૂમિકા ભજવી હતી. એક જાતિ તરીકે વારલી આદિવાસીઓ સમાન રીતે શોષણ અને અત્યાચારોનો ભોગ બન્યા હોવાથી, આ 'જાતિ પરિબળે' તેઓને સંગઠિત કરવા અને રાખવામાં ખૂબ જ નિર્ણાયક ભૂમિકા ભજવી હતી.[૩૭] સંગઠનના પ્રતાપે તેઓમાં થતાં લઘુતાગ્રંથિ નાબૂદ થઈ. કાળક્રમે આંદોલનના પરિણામે વારલીઓ પ્રત્યેના જંગલના ઠેકેદારો, જમીનદારો અને શાહુકારોના વલણ-વ્યવહારમાં ક્રાંતિકારી પરિવર્તન આવ્યું. " Even forest constables greeted them politely."[૩૮] ૨૦ નવેમ્બર, ૧૯૪૬ સુધી કિસાનસભાના કાર્યકરો વારલીઓના ગામોમાં જઈ, થયેલ સમાધાનની માહિતી તથા નક્કી થયેલ શરતોની સમજ આપવામાં વ્યસ્ત રહ્યા. વારલીઓએ કામની શરૂઆત કરતાં સામાન્ય પરિસ્થિતિની પુન: સ્થાપના થઈ.[૩૯]

## ૧૪. વારલી આંદોલનની સમીક્ષા અને તારણો

આ ચળવળની સમીક્ષા કરતાં એમ કહી શકાય કે વારલીઓ ઘણાં વર્ષોથી અત્યાચાર અને શોષણનો શિકાર બન્યા હતા. કિસાનસભાના ટેકાને કારણે વારલીઓમાં સાહસ, શક્તિ અને આત્મવિશ્વાસનો સંચાર થયો. પરિણામે તેઓ વેઠ પ્રથા બંધ કરાવી શક્યા. વિના મૂલ્યે સેવા આપવાની ના પાડી શક્યા. આમ, તેઓ પોતાના અધિકારો પ્રાપ્ત કરી શક્યા. ગુલામી અને શોષણમાંથી મુક્ત થયા એટલે એમ કહી શકાય કે વારલીઓની ચળવળ સફળ થઈ. આમ, વારલી આદિવાસીઓ જેઓ જમીનદારો અને શાહુકારોના ખેતરો પર ભાગિયા કે ખેતમજૂર તરીકે કામગીરી બજાવતા હતા. તેમણે કિસાનસભાના કાર્યકરોના માર્ગદર્શન હેઠળ શોષણ સામે સફળતાપૂર્વક લડત ચલાવી એટલું જ નહિ ઘર, ચાકર અને જંગલ કામદાર તરીકે થતાં શોષણને સફળ પડકાર આપ્યો. સંસ્થાનવાદી પરિસ્થિતિએ આ વિસ્તારમાં બહારથી આવનાર તત્વોને જમીનદારો અને શાહુકારોને પોતાનો પ્રભાવ જમાવવા માટેની તક પૂરી પાડી હતી અને રાજ્યના પ્રવર્તમાન કાયદા અને તંત્ર તે માટે સહાયરૂપ થયા હતા. શહેરના મધ્યમવર્ગી શિક્ષિત, કિસાનસભાના કાર્યકરોએ તેમને જાગૃત કરવામાં અને સંઘર્ષ માટે સંગઠિત કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. સક્રિય એવા રાષ્ટ્રવાદી અને સમાજવાદી પરિબળોએ તેમને સંઘર્ષને માર્ગે વાળી રાષ્ટ્રીય જીવનમાં ન્યાયી સ્થાન પ્રાપ્ત કરવામાં સહાય કરી હતી. વળી, મેદાની વિસ્તારોના શોષિત કિસાનોની જેમ અહીના આદિવાસી કિસાનોમાં સામાજિક રીતે કોઈ સ્પષ્ટ આંતર વિભાજન ન હતું. એકંદરે તેઓ સમરૂપ સામાજિક જૂથ રચતા હતા. જેથી જાતિ પરિબળ આર્થિક શોષણે તેમને સંગઠિત કરવામાં નોંધપાત્ર

ભૂમિકા ભજવી હતી. સામે પક્ષે જમીનદારો તથા શાહુકારો વર્ગ સામાજિક, ધાર્મિક રીતે અનેક વિભિન્નતાઓ ધરાવતો હતો. એ સંજોગોમાં એક નિશ્ચિત સીમાથી આગળ તેઓ એક જૂથ તરીકે વર્તી શકે તેમ ન હતા. બીજી તરફ તેમનું સર્જક અને સમર્થક એવું સાંસ્થાનિક રાજ્ય નબળું પડ્યુ હતું. આ કારણે રાષ્ટ્રવાદીઓની સહાનુભૂતિ વચ્ચે સમાજવાદીઓ દ્વારા વર્ગ વિગ્રહની વ્યૂહરચના પર આરંભાયેલું આ આંદોલન સફળ નિવડ્યું હતું. તેની સફળતા માટે સામ્યવાદીઓની ક્રાંતિકારી વિચારધારા કરતાં સ્થાનિક સ્તરે પ્રવર્તતી વિશિષ્ટ સામાજિક, આર્થિક પરિસ્થિતિ પ્રત્યેના અસંતોષ અને ભારતીય રાષ્ટ્રવાદના વિજયે ઊભી કરેલી સાનુકૂળ રાજકીય આબોહવાનું યોગદાન વધુ મહત્વનું હતું. વારલીઓમાં આવેલું સૌથી મોટું પરિવર્તન એટલે તેનામાં જાગેલી અસ્મિતા સંગઠનના પ્રતાપે તેનામાં આત્મવિશ્વાસની જે ભાવના નિર્માણ થઈ છે તેના પ્રતિસાદ તેના રોજબરોજના વ્યવહારમાં જણાય આવે છે. તેનામાં જડ ઘાલેલી કાયરતા અને લઘુતાગ્રંથિ નાબૂદ થયા છે. ઊંચા આવવાની મહત્ત્યવાકાંક્ષા વધી છે.

**પાદટીપ**

૧.૧૮૭૧ના પારડી તાલુકાના સેટલમેન્ટ અહેવાલ મુજબ
૨.ગોદાવરી પરૂલેકર : માનવ જાગે છે જ્યારે, મુંબઈ, ૧૯૭૬, પૃ. ૬૩, ૬૪
૩.એજન, પૃ. ૬૭
૪.એજન, પૃ. ૭૦
૫.એસ. વી. પરૂલેકર : પીઝન્ટ સ્ટ્રગલ્સ ઈન ઈન્ડિયા, પૃ. ૫૭૦
૬.એજન, પૃ. ૫૭૧
૭.એસ. વી. પરૂલેકર, પૂર્વોક્ત, પૃ. ૫૭૨-૭૩
૮.એજન
૯.એસ. વી. પરૂલેકર : પૂર્વોક્ત, પૃ. ૫૭૪
૧૦.એજન, પૃ. ૫૭૬
૧૧.ભાલચંદ્ર ફાડકે : ફૂલે-આંબેડકર શોધ આણિબોધ, ઔરંગાબાદ, ૧૯૮૫, પૃ. ૧૩૦, ૧૩૧
૧૨.એસ. વી. પરૂલેકર : પૂર્વોક્ત, પૃ. ૫૭૨-૭૩
૧૩.રોહિત પંડ્યા: પૂર્વોક્ત, પૃ. ૧૬૦, ૧૬૧
૧૪.S.V. Parulekar op. cit., p. 574
.એજન, પૃ. ૫૭૭
૧૬.રોહિત પંડ્યા: પૂર્વોક્ત, પૃ. ૨૮
૧૭.S.V. Parulekar op. cit., p. 29
.Ibid
.Ibid, P. 580
.Sunil Sen op. cit., પૃ. ૧૨૯
૨૧.ગોદાવરી પરૂલેકર : પૂર્વોક્ત, પૃ. ૧૪૨
૨૨.Sunil Sen op. cit., પૃ. ૧૨૯
૨૩.ગોદાવરી પરૂલેકર : પૂર્વોક્ત, પૃ. ૧૪૨
૨૪.એજન, પૃ. ૧૪૫
૨૫.Sunil Sen op. cit., પૃ. ૧૨૯
૨૬.S.V. Parulekar op. cit., p. 583
.Ibid, P. 584
.રોહિત પંડ્યા: પૂર્વોક્ત, પૃ. ૧૬૨
૨૯.ગોદાવરી પરૂલેકર : પૂર્વોક્ત, પૃ. ૧૪૮
૩૦.એજન, પૃ. ૧૪૯
૩૧.Sunil Sen op. cit., પૃ. ૧૩૧
૩૨.એજન, પૃ. ૧૩૦
૩૩.Sunil Sen op. cit., પૃ. ૧૫૦
૩૪.એજન, પૃ. ૧૩૦
૩૫.ગોદાવરી પરૂલેકર : પૂર્વોક્ત, પૃ. ૧૮૨
૩૬.S.V. Parulekar op. cit., p. 592
.Sunil Sen op. cit., p. 131
.રોહિત પંડ્યા: પૂર્વોક્ત, પૃ. ૧૬૨
૩૯ Sunil Sen op. cit., p. 131